# વીજકાપ દરમિયાન નિ:શુલ્ક વધારાની સહાયતા મેળવો.

## પ્રાયોરિટી સર્વિસીઝ માટે રજિસ્ટર થાઓ.

Scottish & Southern
Electricity Networks

# જેઓને સૌથી વધારે જરૂર હોય તેઓ માટે વધારાની સહાયતા

અમે એવા લોકો છીએ જે એવા વાયરો અને કેબલોની સંભાળ રાખીએ છીએ જે સમગ્ર ઉત્તર સ્કોટલૅન્ડ અને મધ્ય દક્ષિણ ઇંગ્લૅન્ડમાં સમુદાયો સુધી વીજળી પહોંચાડે છે. **અમે એવી કંપની નથી જે તમને વીજળીનાં બિલો મોકલે છે**, અમારું કામ વીજળીનાં વાસ્તવિક નેટવર્કની જાળવણી અને સમારકામ કરવાનું છે. વીજકાપની સ્થિતિમાં શક્ય તેટલી જલ્દી અને સુરક્ષિતપણે સમારકામ કરવું એ પણ અમારું કામ છે.







અમે જાણીએ છીએ કે વીજકાપ ચિંતાજનક અથવા મુશ્કેલ હોઈ શકે છે. આ કારણે અમે વધારાની મદદ અને સહાયતા વિના મૂલ્યે આપીએ છીએ. તમને કેવા પ્રકારની સહાયતાની જરૂર હોઈ શકે તેની અમને અગાઉથી ખબર હોય તો અમે તમને વધુ સારી રીતે અને વધુ ઝડપથી મદદ કરી શકીએ છીએ. જો તમે પ્રાયોરિટી સર્વિસીઝ માટે રજિસ્ટર થવા માગતા હો, પછી ભલે તે કામચલાઉ હોય, તો કૃપા કરીને 0800 294 3259 પર અમને કૉલ કરો અથવા સાથે જોડેલ પત્રક પૂરું કરો.



## તમે અમારા રજિસ્ટર પર હોવા માગતા હોઈ શકો છો, જો તમે:

- બધિર હો અથવા સાંભળવામાં તકલીફ થતી હોય
- વિકલાંગ હો
- પાંચ વર્ષથી ઓછી ઉંમરનાં બાળકો સાથે રહેતા હો
- અંધ હો અથવા આંશિક અંધાપો આવ્યો હોય
- લાંબા સમયથી રહેતી બિમારી હોય
- તબીબી ઉપકરણ/સહાયક સાધનોનો ઉપયોગ કરતા હો વીજળી પર નિર્ભર રહેતા હો
- 60 વર્ષથી વધુ ઉંમર હોય

---

અલબત્ત, દરેકની જરૂરિયાતો અલગ-અલગ હોય છે, તેથી તમારી જરૂરિયાતો અંગે ચર્ચા કરવા માટે નિ:સંકોચ અમારો સંપર્ક કરો.

# અમારો ઉદ્દેશ્ય કેવી સેવા આપવાનો છે

## વીજકાપ દરમિયાન પ્રાથમિકતા સાથેનો વ્યવહાર

અમારી પ્રાયોરિટી સર્વિસીઝની લાઇન દિવસમાં 24 કલાક ઉપલબ્ધ હોય છે. જો આવશ્યક જાળવણીનું કાર્ય કરવા માટે અમારે તમારી વીજળી બંધ કરવી પડે એમ હોય તો અમે તમારો અથવા તમે નીમેલી વ્યક્તિનો સંપર્ક કરીશું.

## સ્થાનિક કટોકટીની સેવાઓ સાથે જોડાણ

અમારા પ્રાયોરિટી સર્વિસીઝ રજિસ્ટર પર લોકોને વધારાની સહાયતા પૂરી પાડવા માટે અમે સ્થાનિક સત્તાવાળાઓ, કટોકટીની સેવાઓ અને એજંસીઓ, જેમ કે બ્રિટિશ રેડ ક્રૉસ સાથે કામ કરીશું.

## કટોકટીનો વીજ પુરવઠો

જો તમે તબીબી ઉપકરણ/સહાયક સાધનોનો ઉપયોગ કરતા હો કે જે વીજળી પર નિર્ભર હોય તો અમે લાંબો સમય રહેતા વીજકાપ દરમિયાન પોર્ટેબલ જનરેટર્સ પૂરાં પાડવાનો ઉદ્દેશ્ય રાખીએ છીએ.

## સલામતીની સલાહ કે જે તમારી જરૂરિયાતો પ્રમાણે તૈયાર કરાયેલ છે

જ્યારે વિનંતી કરવામાં આવે ત્યારે, તમારી જરૂરિયાતો માટે અનુકૂળ હોય એવા સ્વરૂપમાં વીજકાપ માટે તૈયારી કેવી રીતે કરવી તેના માટે અમે તમને સલાહ આપીશું, દા.ત. બ્રેઇલ, ટૅક્સ્ટફોન, ઑડિયો સીડી અથવા અંગ્રેજી સિવાયની ભાષા

## તમારા સમાજ માટે જોગવાઈઓ

હવામાનની પ્રતિકૂળ સ્થિતિઓ અને લાંબા સમયના વીજકાપ દરમિયાન, સ્થાનિક કલ્યાણ વાહનો સાથેના અમારા જોડાણને કારણે ભોજન, પીણાં, હૂંફ અને ચાર્જિંગ પૉઇન્ટ્સ પૂરાં પાડવાના અમારા ઉદ્દેશ્યમાં અમને મદદ મળે છે.

## મનની શાંતિ

અમે એવી સેવા આપીએ છીએ, જેમાં તમે સ્કૉટિશ અને સધર્ન ઇલેક્ટ્રિસિટી નેટવર્ક્સના સ્ટાફ સાથે વાતચીત કરવા દરમિયાન એક પાસવર્ડનો ઉપયોગ કરવા માટે સંમતિ આપી શકો છો. આ રીતે અમે તમારી વ્યક્તિગત સુરક્ષા અને ઘરની સુરક્ષાનો ખ્યાલ રાખી શકીએ છીએ.

**અમારી બધી પ્રાયોરિટી સર્વિસીઝ નિ:શુલ્ક છે**

Scottish & Southern
Electricity Networks

**POWER CUT?**
**CALL 105**

# પ્રાયોરિટી સર્વિસીઝ માટે આજે જ રજિસ્ટર થાઓ.

ફોર્મ ભરો અથવા મફત કૉલ કરો

0800 294 3259

0800 316 5457 ટૅક્સ્ટફોન

આ લિંક પર વધુ જાણો

ssen.co.uk/priorityservices

# વીજકાપ માટે તૈયારી રાખો.

- થોડાં ગરમ કપડાં અને બૅટરીથી ચાલતી ટૉર્ચ હાથવગાં રાખો.
- કોઈ પણ તબીબી ઉપકરણ માટે તમારી પાસે બૅક-અપ પાવર હોય તેની ખાતરી કરો.
- તમારા દાદરાની લિફ્ટ જાતે ઑપરેટ કરી શકાય તેમ છે કે નહિ અથવા બૅટરી બૅક-અપ ધરાવે છે કે નહિ તે તપાસો.

/ssencommunity

@ssencommunity

સ્કૉટિશ ઍન્ડ સધર્ન ઇલેક્ટ્રિસિટી નેટવર્ક્સ એ આ કંપનીનું વ્યાપારી નામ છે: સ્કૉટિશ ઍન્ડ સધર્ન ઍનર્જી પાવર ડિસ્ટ્રિબ્યુશન લિમિટેડ જે સ્કૉટલેન્ડમાં રજિસ્ટર્ડ છે નં. SC213459; સ્કૉટિશ હાઇડ્રો ઇલેક્ટ્રિકલ ટ્રાન્સમિશન પબ્લિક લિ. કં. કે જે સ્કૉટલેન્ડમાં રજિસ્ટર્ડ છે નં. SC213461; સ્કૉટિશ હાઇડ્રો ઇલેક્ટ્રિક પાવર ડિસ્ટ્રિબ્યુશન પબ્લિક લિ. કં. જે સ્કૉટલેન્ડમાં રજિસ્ટર્ડ છે, નં. SC213460; (જે તમામની રજિસ્ટર્ડ ઑફિસોનું સરનામું છે Inveralmond House 200 Dunkeld Road Perth PH1 3AQ); અને દક્ષિણી ઇલેક્ટ્રિકલ પાવર ડિસ્ટ્રિબ્યુશન પબ્લિક લિ. કં. જે ઇંગ્લૅન્ડ અને વેલ્સમાં રજિસ્ટર્ડ છે નં. 04094290 જેની રજિસ્ટર્ડ ઑફિસનું સરનામું છે No. 1 Forbury Place 43 Forbury Road Reading RG1 3JH જે SSE ગ્રૂપના સભ્યો છે www.ssen.co.uk

006001

# પ્રાયોરિટી સર્વિસીઝ માટે નોંધણીપત્રક

## સંપર્કની વિગતો

એવી વ્યક્તિ માટે જેને વીજકાપ દરમિયાન વધારાની મદદની જરૂર પડી શકે.

શીર્ષક ______ નામ ______

અટક ______

સરનામું ______

______ પોસ્ટકોડ ______

ઘરનો ફોન ______

મોબાઇલ ફોન ______

ટૅક્સ્ટફોન ______

**ઘરની મુલાકાત સુરક્ષા** (મહત્તમ 10 અક્ષરો)
જ્યારે અમે તમારી મુલાકાત લઈએ ત્યારે તમે એક પાસવર્ડનો ઉપયોગ કરવા માગતા હો તો કૃપા કરીને તે અહીં લખો: ______

## મેં નીમેલ સંપર્ક (જો લાગુ પડતું હોય તો)

એક મિત્ર અથવા કુટુંબીજન જેનો અમે પ્રાયોરિટી સર્વિસીઝ અને વીજપુરવઠો ખોરવાઈ જવાની સ્થિતિમાં સંપર્ક કરી શકીએ.

શીર્ષક ______ નામ ______

અટક ______

ઘરનો ફોન ______

મોબાઇલ ફોન ______

ટૅક્સ્ટફોન ______

સંબંધ ______

અમે તમારો ડેટા કેવી રીતે એકત્ર કરીએ છીએ, તેનો કેવી રીતે સંગ્રહ કરીએ છીએ અને પ્રોસેસ કરીએ છીએ, તેના વિશે વધુ માહિતી માટે ssen.co.uk/PrivacyNotice/ પર અમારી ગુપ્તતાની નોટિસ જુઓ (પેપર કૉપીની વિનંતી કરવા માટે અમારો સંપર્ક કરો).

જો તમને પ્રાયોરિટી સર્વિસીઝની હવે પછી જરૂર ન હોય તો 0800 294 3259 પર અમને કૉલ કરો અથવા 0800 316 5457 પર ટૅક્સ્ટફોનથી અમારો સંપર્ક કરો અથવા Networks.Priority.Services@sse.com પર સંપર્ક કરો અને અમે રજિસ્ટરમાંથી તમારું નામ દૂર કરીશું.

# પ્રાયોરિટી સર્વિસીઝ માટે નોંધણીપત્રક

**રજિસ્ટ્રેશન માટેનું કારણ** (લાગુ પડતાં બધાં ખાનાંઓ પર ટિક કરો)

વીજળી પર નિર્ભર હોય એવાં તબીબી ઉપકરણ/સહાયક સાધનો | ઉપકરણનો પ્રકાર

- ☐ લાંબા સમયથી ચાલતી બિમારી
- ☐ અંધત્વ
- ☐ આંશિક અંધાપો
- ☐ વાચા અંગે મુશ્કેલીઓ
- ☐ શારીરિક નબળાઈ
- ☐ 60 વર્ષથી વધારે ઉંમર
- ☐ ચિત્તભ્રમ
- ☐ મર્યાદિત હલનચલન
- ☐ વિકાસકીય સ્થિતિ
- ☐ શ્રવણની હાનિ અથવા બહેરાશ
- ☐ 5 વર્ષથી ઓછી ઉંમરનાં બાળકો ધરાવતાં કુટુંબો
- ☐ માનસિક સ્વાસ્થ્ય

કામચલાઉ:

- ☐ યુવા વયના પુખ્ત ગૃહસ્થ
- ☐ હૉસ્પિટલ બાદ રિકવરી
- ☐ જીવનનાં પરિવર્તનો

અન્ય કારણો, જેના કારણે તમને વધારાની સહાયતાની જરૂર પડે (કૃપા કરીને સૂચવો)

જો અંગ્રેજી તમારી માતૃભાષા ન હોય તો કૃપા કરીને અમને કહો કે તે કઈ છે?

તમે કઈ રીતે અમારા વિશે માહિતી મેળવી?

## આ પત્રકમાં સહી કરવાનો તમારા માટે શો અર્થ છે

આ પત્રકમાં સહી કરીને તમે પુષ્ટિ કરો છો કે તમે સમજો છો કે અમે કટોકટી દરમિયાન તમારી વિગતો ત્રાહિત પક્ષકારોને આપી શકીએ છીએ જેથી અમે તમને પ્રાયોરિટી સર્વિસીઝ પૂરી પાડી શકીએ; આમાં બ્રિટિશ રેડ ક્રૉસ, સ્થાનિક સત્તાવાળાઓ અથવા કટોકટીની સેવાઓનો સમાવેશ થઈ શકે છે. જો તમે કોઈ સંપર્કની નિમણૂક કરી હોય તો પ્રાયોરિટી સર્વિસીઝ પૂરી પાડવા દરમિયાન તમારી સાથે વાત કરવા દરમિયાન તમારા તરફથી તમારા નીમેલા સંપર્ક સાથે વાત કરવા માટે તમે અમને પોતાની સ્પષ્ટ સંમતિ આપી રહ્યા છો. આનો અર્થ એવો થઈ શકે છે કે અમે તમારા અને તમારા સપ્લાય વિશેની માહિતી તેમને આપીશું.

નામ પ્રિન્ટ કરો

તારીખ | સહી

## તમારી વિગતો આપવી

તમારી સંમતિ સાથે અમે તમારી વિગતો ઍનર્જી સપ્લાયરને અને ગૅસ ટ્રાન્સપોર્ટરને આપી શકીએ છીએ, જેઓ પણ એવી પ્રાયોરિટી સર્વિસીઝ આપતા હોઈ શકે છે, જેમાંથી તમને લાભ થઈ શકે છે.

☐ મારી વિગતો આપવા માટે હું સંમતિ આપું છું

**કૃપા કરીને અહીં મોકલો:**

Priority Services, Scottish and Southern Electricity Networks, FREEPOST, RTGH-TXXT-ZAEG
Inveralmond House, 200 Dunkeld Road, Perth, PH1 3AQ